# નગરના સાહિત્ય જગતના સિતારા જય ગજ્જરના દેહાવસાનથી શોક



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સાહિત્ય જગતના સિતારા જય ગજ્જરનું દેહાવસાન થયું છે, જેનાથી સાહિત્યજગતમાં શોકની લાગણી ફેલાઈ છે.

નગરના સાહિત્યકાર નટવર હેડાઉએ તેમન જીવન ઝરમર રજૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના પાનસરના એ મૂળ વતની, એમનો જન્મ ૨૬ જુલાઈ, ૧૯૩૪ના રોજ. મળવાનું ગમે એવા માણસ. એમની સાથે બંધાયેલો સંબંધોનો તંતુ એકવાર બંધાયા પછી અતૂટ રહે એવા સંવેદનશીલ પણ ખરા. જિંદગીનાં મોટાભાગનાં વર્ષો વિદેશમાં ગાળ્યા છતાં પૂરેપૂરા ગુજરાતી.

એમએ સુધીનો એમનો અભ્યાસ અને કેનેડાની સીએમની માનાર્હ ઉપાધિ મેળવી હતી. વ્યવસાયે શિક્ષક, ભાષાંતરકાર અને પ્રાધ્યાપક. ૧૯૭૦માં કેનેડામાં વસવાટનો આરંભ કર્યો. પહેલાં શિક્ષક અને પછી ૧૯૭૧માં પ્રિન્ટિંગના ધંધામાં ઝંપલાવ્યું. ૧૯૭૪માં પોતાની પ્રિન્ટિંગ કંપની ક્વૉલિટી શરૂ કરી અને ૧૯૭૭માં તો ૧૦-૧૨ દુકાનો ધરાવતું શોપિંગ સૅન્ટર ખરીદી લીધું. ધંધાની સાથે પોતાના જ્ઞાન અને અનુભવની લહાણ સમાજને કરાવવા તેઓ કેટલાંક મંડળોમાં પણ જોડાયા. સમાજસેવાની ઉત્કૃષ્ઠ ભાવાને કારણે સમાજનું એક અંગ બની ગયેલા સમાજસેવક તરીકે તેમનું નામ લોકહૈયામાં સચાવાયું છે.

સાહિત્ય તેમની ગળથૂથીમાં હતું. યુનિવર્સિટીમાં ભાષાંતરકાર અને નવગુજરાત કૉલેજમાં ગુજરાતીના પ્રૉફેસર હતા એ દરમ્યાન ત્રણ નવલકથાઓ અને ગુજરાતનાં વિવિધ સામયિકોમાં તેમની નવલિકાઓ પ્રકાશિત થતી. 'ગાંધીનગર સમાચાર' પણ તેમની ત્રણ નવલકથાઓ પ્રકાશિત કરી ચૂક્યું છે. તેમની નવલકથા પરથી ગુજરાતી ટીવી શ્રેણી 'સંબંધો સાગર પારના' બની હતી.

'કાચી માટીનું ઘર', 'આંધીનો ઉજાસ', 'ફૂલડે ફૂલડે ફોરમ', 'સ્નેહ શૂન્યના સરવાળા', 'કાચી માટીનું ઘર', 'આંધીનો ઉજાસ', 'સહિયારો સાથ', 'દિવાની એક વાટ' એ એમનાં જાણીતાં સર્જનો.

ગાંધીનગર સાહિત્ય સભાના તેઓ આજીવન સભ્ય અને ગત વર્ષે સભાના વાર્ષિક કાર્યક્રમમાં ડાયાસ્પોરા સાહિત્ય વિશે સુંદર પ્રવચન પણ તેમણે આપ્યું હતું.

આગામી રવિવારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે એવા સમાચાર તેમના પરિવાર પાસેથી મળ્યા છે.

જમનાબાઈ નરસી સ્કૂલના

# વિદ્યાર્થીઓને પરીક્ષાની ચિંતાથી મુક્ત કરવા કાર્યક્રમ





પરીક્ષાનો સમય આવે એટલે માત્ર વિદ્યાર્થીઓ જ નહી પણ માતા પિતાની ચિંતામાં પણ વધારો થતો હોય છે. આ સ્થિતિને ધ્યાનમાં લઈને જમનાબાઈ નરસી સ્કૂલ ગીફટ સીટી ગાંધીનગરે વિદ્યાર્થીઓની તાણ ઓછી કરવાનો નિર્ણય કર્યો હતો. સ્કૂલ દ્વારા આ સંદર્ભમાં એક સુઆયોજીત સ્ટ્રેસ બર્સ્ટીંગ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. શિક્ષકોની ટીમે રમૂજી કવ્વાલી રજૂ કરી હતી, જેમાં પરીક્ષા સમયે વિદ્યાર્થીની હાલતનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું હતું. દરેક શિક્ષકે મૂડ હળવો કરવા હાસ્ય કવિતા રજૂ કરી હતી. આ ઉપરાંત મગજ શાંત રાખવાના તથા ચિંતા મુક્ત રહેવાના ફાયદા સમજાવવામાં આવ્યા હતા. પોતાના શિક્ષકોને વિવિધ પોષાકમાં જોઈને બાળકો પણ ખૂબ જ અચરજ થયું હતું અને હસવાનું રોકી શક્યા ન હતા. આ કાર્યક્રમ દ્વારા બાળકોને પરિક્ષાનો ભાર કઈ રીતે નિવારવો તેનો સંદેશ પ્રાપ્ત થયો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ એન્ડ કા
૧૨.૩૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૦૦
કુંગ ફુ પાંડા (હિન્દી)
૧૨.૩૦, ૨.૩૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૦.૦૦, ૪.૦૦, ૬.૩૦
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૭.૪૫

# માણસા કૉલેજને ઍનએએસી ગ્રેડ

ગાંધીનગર, તા. ૨

સર્વોદય હાયર ઍજ્યુકેસન સૌસાયટી સંચાલિત ઍસ ડી આર્ટ્સ ઍન્ડ બી આર કૉમર્સ કૉલેજ, માણસાને પ્રથમવાર ઍનએએસીનો બી ગ્રેડ પ્રાપ્ત થયો છે. તાજેતરમાં બીજીવાર ઍનએએસીની ટીમ કૉલેજની મુલાકાતે આવી હતી, જ પછી સીજીપીએ ૨.૭૯ સાથે બી ગ્રેડ કૉલેજને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં સહભાગી સૌને આચાર્યા ડૉ. હાસ્યદા પંડ્યા અને કો-ઓર્ડિનેટર ડૉ. ઉદય સી ગોર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ઘ-૪ સર્કલ ખાતે આજે સવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતે છેલ્લા સવા બે વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. તારીખ ૩ એપ્રિલ ને રવિવારના રોજ સવારે ૭થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે, ઉદ્યોગ ભવન નજીક યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારાં પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ઉપરાંત ગુજરાતનાં વિવિધ શહેરોમાં આવી પુસ્તક પરબો યોજાય છે.

આ પુસ્તક પરબનો લાભ લેવા માટે આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મૂળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ તરફથી પુસ્તકપ્રેમીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



## કેજીથી માંડીને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને તેમના વિજેતા ક્રમ મુજબ શિલ્ડ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે ચાલુ શૈક્ષણિક વર્ષમાં અભ્યાસની સાથે સાથે શાળા દ્વારા આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, અલગ-અલગ સ્પર્ધાઓ અને વાર્ષિક રમતોત્સવમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો, પ્રમાણપત્રો આપવા માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેજીથી માંડીને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને તેમના વિજેતા ક્રમ મુજબ શિલ્ડ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાલીઓ ઉપરાંત વિદ્યાર્થીઓ પણ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ વિજેતા બાળકોએ શાળાના ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરા હસ્તક શિલ્ડ તથા પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા હતાં. શાળા પરિવારે તમામ વિજેતા બાળકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# નારદીપુર સ્કૂલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨

શ્રીજી સેવા સંચાલિત શ્રી સ્વામિનારાયણ ઈંગ્લિશ-ગુજરાતી મીડિયમ સ્કૂલ, નારદીપુર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો તો.

આ કાર્યક્રમ અંતર્ગત ૧૮ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાના ઉદ્દેશ્યથી આ કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો, જે ઉદ્દેશ્ય ફળ્યો હતો.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રીજી ધામ ખાતેથી સંતો તથા નારદીપુર કેળવણી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વાલીઓએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ વૃધ્ધાશ્રમની મુલાકાતે





## વિદ્યાર્થીઓએ ફાળો એકત્ર કરી વૃધ્ધોને જરૂરી વસ્તુઓ લાવી આપી અને એમની સાથે ભજનો, ગીતો, ગરબા ગાઈને મોજ પણ કરાવી

ગાંધીનગર, તા. ૨

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ તાજેતરમાં પેથાપુર ખાતે કાર્યરત કૈલાસધામ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી.

શાળાના ધોરણ-૮, ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ અંદરોઅંદર નાણાં એકત્ર કરી ફાળો તૈયાર કર્યો હતો અને આ રકમમાંથી વૃધ્ધાશ્રમના વૃધ્ધો માટે જરૂરિયાતની ચીજ વસ્તુઓ લાવ્યા હતા, જે તેમણે વડીલોને પ્રેમથી ભેટ ધરી હતી.

વિદ્યાર્થીઓ ચાર કલાક જેટલો સમય વૃધ્ધાશ્રમમાં રોકાયા હતા અને દરેક વડીલને મળીને તેમના ખબર અંતર પૂછ્યા હતા, તેમની સાથે મળીને વિદ્યાર્થીઓએ ભજનો અને ગીતો ગાયાં હતાં અને ગરબા રમવાની મઝા પણ લીધી હતી, જે કારણે વૃધ્ધાશ્રમનું વાતાવરણ આનંદમય બની ગયું હતું.

વૃધ્ધાશ્રમ પ્રત્યક્ષ રીતે નિહાળવાનો એક ફાયદો એ થયો હતો કે મુલાકાત લેનાર દરેક વિદ્યાર્થીએ પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ પોતે ક્યારેય પોતાના માતા-પિતાને તરછોડશે નહીં અને હંમેશાં જરૂરિયાદમંદોની સેવા કરશે.

વિદ્યાર્થીઓ સાથે વૃધ્ધાશ્રમની મુલાકાતે શાળાના શિક્ષકો અને પ્રિન્સિપાલ પણ જોડાયા હતા.

# કી એન્ડ કા : પતિ તરીકે પત્ની અને પત્નીની ભૂમિકામાં પતિ : ઑફબીટ ફિલ્મ




મહત્ત્વાકાંક્ષા પુરુષને જ હોય... કારકિર્દી પુરુષની જ હોય... પરિવાર માટે પૈસા કમાવાની જવાબદારી પુરુષની જ હોય... પુરુષ જ પરિવારનો સુકાની હોય... પુરુષ જ હિરો ... અને એની પત્ની એટલે કે સ્ત્રી પૈસા કમાતી હોય તો પણ ઘર તો સંભાળે જ... રસોડું સંભાળે... પરિવારને રાંધી ખવડાવે... હંમેશા હિરોના સપોર્ટીંગ રોલમાં હોય. પુરુષની કરોડરજ્જુ હોય તો પણ એની કિંમત કોડીની જ હોય... એ મુખ્ય પ્રવાહ નથી - મુખ્ય ધારા નથી સપોર્ટ સિસ્ટમ છે માત્ર... આ વાત ખૂબ જ સહજ - સર્વસ્વીકૃત અને ભારતીય સમાજે સંસ્કારની જેમ અપનાવી લીધેલી વાત છે. આનાથી વિપરીત સ્થિતિ હોય - એટલે કે પુરુષને હોય છે એ બધું સ્ત્રીને હોય અને સ્ત્રીની જે સ્વીકૃત ભૂમિકા છે એ પુરુષ નિભાવતો હોય તો ?

- તો શું થાય ? લોકો વાતો કરે... સમાજ હાંસી ઉડાવે... 'ઘર' જમાઈ - બાયલો જેવા વિશેષણોથી નવાજે... આ તો સમાજ શું કહે; એ વાત થઈ... પરંતુ પતિ અને પત્ની વચ્ચે શું થાય ? બંનેએ પ્રેમપૂર્વક સ્વીકારેલી પરિસ્થિતિમાં આગળ જતાં કેવી અડચણો આવે અને બંનેની મનોસ્થિતિમાં શું પરિવર્તન આવે...? આવો વિચાર આજ સુધી કોઈને નહીં આવ્યો હોય...!

- પણ હંમેશા 'આઉટ ઑફ ધી બોક્સ' વિચારવા ટેવાયેલા લેખક-દિગ્દર્શક આર. બાલાકૃષ્ણન એટલે કે આર. બાલ્કીને જ આવો વિચાર આવે અને એટલે જ એ 'કી એન્ડ કા' જેવી તદ્દન અભૂતપૂર્વ વિષયવસ્તુવાળી ફિલ્મ બનાવી શકે.

હિન્દી ફિલ્મોમાં આ પહેલાં આ વિષય પર એક ફિલ્મ બની હોવાનું ધ્યાનમાં નથી. લેખક આર. બાલ્કી 'કી એન્ડ કા'માં વિષયનું જબરું વૈવિધ્ય લઈને આવ્યા છે. કરિના કપૂર એટલે કે કીયા એટલે કે 'કી' ખૂબ જ મહત્ત્વાકાંક્ષી સ્ત્રી છે, પત્ની એટલે પુરુષ નામની ભવ્ય ઈમારતના પાયાનો પીલર માત્ર - એ વિચારથી જ એને નફરત છે. એ પોતાના ક્ષેત્રમાં કામ કરીને સર્વોચ્ચ મુકામે પહોંચવાની



મહત્વાકાંક્ષા ધરાવે છે. આવી કીની મુલાકાત તેનાથી વયમાં ત્રણ વર્ષ નાના એવા અર્જુન કપૂર એટલે કે કબીર એટલે કે 'કા' સાથે થાય છે. સુપ્રસિદ્ધ બિલ્ડરનો એક માત્ર પુત્ર અને અભ્યાસમાં ટોપર હોવા છતાં કા માને છે કે, પુરુષે કંઈક કરવું જ પડે એવું શા માટે ? ગૃહિણી સૌથી મોટી આર્ટીસ્ટ છે અને ઘર ચલાવવું એ સૌથી મોટી કળા છે. આ કામ પુરુષ શા માટે ન કરી શકે ? બસ... કીયાને કારકિર્દી બનાવવી હતી અને કબીરને મન ઘર સંભાળવા જેવું બીજું કોઈ મોટું કામ કોઈ નહીં... બંને પરણે છે. બંને પોતપોતાના ક્ષેત્રમાં પોતપોતાની ઈચ્છા પ્રમાણે સફળતા મેળવ્યા કરે છે...... પણ ટ્વીસ્ટ હવે આવે છે... કબીર કયારેય સ્ત્રીની જેમ ઈર્ષા અનુભવે છે તો કીયા પુરુષની જેમ પઝેસીવનેસ અનુભવે છે. જવાબદારીઓ અને ભૂમિકામાં પુલિંગ અને સ્ત્રીલિંગ બદલાય છે, પરંતુ એ બંને ભૂમિકાઓ સાથે જોડાયેલી ભાવના અને લાગણીનું શું ? વિચારસરણી અને લાગણીઓ દરેકની પોતાની ભૂમિકાને અનુરુપ હોય છે... ખરેખર તો દરેકે પોતાની સામાન્ય વિચારસરણીમાંથી બહાર આવવાની જરૂર છે... બધાએ ચીલાચાલુપણુ છોડવાની આવશ્યકતા છે... આ વાત આર. બાલ્કી જેવા સિદ્ધહસ્ત દિગ્દર્શક ખૂબ જ સહજતાથી, સરળતાથી અને સરસ રીતે સમજાવે છે.

'કી એન્ડ કા' સોએ સો ટકા દિગ્દર્શકની ફિલ્મ છે. આ પહેલાં 'શમીતાભ' (અભિતાભ - ધનુષ : ૨૦૧૫) 'પા' (અમિતાભ-અભિષેક-વિદ્યાબાલન : ૨૦૦૯) અને 'ચીની કમ' (અમિતાભ-તબ્બુ : ૨૦૦૭) જેવી ઑફબીટ ફિલ્મો લઈને આવેલા આર.બાલ્કીએ વધુ એક વખત પોતાની સશક્ત સર્જનશીલતાનો પરિચય આપ્યો છે. ભારતની જાણીતી એડ એજન્સી લાય-લિન્ટાસના ચેરમેન અને ચીફ ક્રિએટીવ ઑફિસર આર. બાલ્કી ભારતના સત્યજીત રે, મણિરત્નમ્ અને શ્યામ બેનેગલની પંગતમાં બેસી શકે એ ગજાના દિગ્દર્શક છે.

'કી એન્ડ કા'ની ભૂમિકામાં કરિના કપૂર અને અર્જુન કપૂર પણ ખૂબ જ સહજ અને સુયોગ્ય છે. કરીના કપૂર પણ અભિનયમાં અન્ય સમકક્ષ અભિનેત્રીઓની બરાબરીની છે, એમાં શંકા નથી. કીયાની ભૂમિકામાં કરિના જાણે અભિનય નહીં સાચુકલી જીંદગી જીવતી હોય એટલો વાસ્તવિક અભિનય આપ્યો છે. તો અર્જુન કપૂરે પણ કબીરની ભૂમિકાને પુરતો ન્યાય આપ્યો છે. આ ફિલ્મમાં કબીરના પાત્રમાં અર્જુન કપૂર સિવાય બીજો કોઈને કલ્પી પણ ન શકાય. આર. બાલ્કીની આ પસંદગીની કાબેલિયતની પણ દાદ દેવી પડે. આ ઉપરાંત શ્રીમતી પરેશ રાવલ એટલે કે સ્વરુપ સંપત વર્ષો પછી ફિલ્મી પડદે દેખાયા છે. રિયલ લાઈફમાં પણ સમાજસેવા કરતા સ્વરુપ સંપતે ગાંધીનગર આસપાસના ગામડાઓની પ્રાથમિક શાળાઓના બાળકો માટે પણ કામ કર્યું છે. આ ફિલ્મમાં કરિનાનાં માના પાત્રમાં સ્વરુપ સંમત સામાજિક કાર્યકર તરીકેનું યોગ્ય વ્યક્તિત્વ ઉપસાવે છે. અર્જુન કપૂરના પિતાની ભૂમિકામાં રજિત કપૂરને ફાળે બે-ચાર સીન સિવાય વિશેષ કંઈ નથી.

દિગ્દર્શનની જેમ જ સિનેમેટોગ્રાફી પણ કમાલની છે. સિનેમેટોગ્રાફીના ગુરુ ગણાતા કેમેરામેન પી.સી. શ્રીરામે આ ફિલ્મમાં ઘણા પ્રયોગ પણ કર્યા છે. 'ફુલ ઈશ્ક...' ગીતમાં કેમેરાના ફોકસ એરિયા બદલીને પી.સી.શ્રીરામે નવું પરિમાણ ઉમેર્યું છે. નવી દિલ્હીના રેલવે મ્યુઝિયમમાં એક જ લૉકેશન પર ઘણાં દશ્યો ફિલ્માવાયા હોવા છતાં કેમેરાનું વૈવિધ્ય આંખે ઊડીને વળગે છે. ચંદન અરોરાના પરફેક્ટ એડીટીંગે પણ ફિલ્મને ચુસ્તી-સ્ફૂર્તિ અને ફ્રેશનેસ આપી છે.

દક્ષિણ ભારતીય ફિલ્મોના સંગીતના ભીષ્મ પિતામહ ઈલીયા રાજા આર.બાલ્કીના ફેવરીટ છે. આ ફિલ્મમાં બેકગ્રાઉન્ડ મ્યુઝિક ઈલીયા રાજાનું છે. ગીતોનું સ્વરાંકન પણ ઈલીયા રાજાએ કર્યું છે. પરંતુ ગીતોમાં મિત બ્રધર્સ-અન્જાન, યો યો હનીસિંઘ અને મિથુને સંગીત આપ્યું છે. 'મહોબત હૈ યે જી હજુરી નહીં...' સૈયદ કાદરીએ લખેલું, મિથુને સંગીતબદ્ધ કરેલું અને દિપાલી શિંદે સાથે મિથુને ગાયેલું આ ગીત લોકપ્રિય થાય એમ છે, બાકીના ગીતો ફિલ્મ પુરતા યોગ્ય છે.

યુવા મિજાજની આ ફિલ્મમાં વર્તમાન મૂડ પ્રમાણેના ડાયલોગ્સ છે. જો કે 'ચડ્ડી ચૅક' જેવા શબ્દપ્રયોગ અને ફિલ્મમાં વારંવાર થતો તેનો ઉપયોગ થોડો કઠે છે, પરંતુ ફિલ્મના વિષય માટે તે અનિવાર્ય હશે એમ માનીને સહન

● અનુસંધાન પાન-૭ પર

